અપીલ અરજી નં.૭ તા.૬–૪–૧૦/૧૧

અરજદારઃ– શ્રી હેમંત એન. દેસાઈ

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૩/૪–૩–૧૦ ની અરજીથી સુરત શહેર બેગમપુરા દુધારાશેરી ઘ.નં.૪/૩૬૦ વાળી મિલકતના માલીકે મંજુર પ્લાન કરતા વધારાનું બાંધકામ કરવામાં આવેલ છે તે બાબતે પ્લાન રીવાઈઝ કરવા સુ.મ.પા.માં રજુ કરેલ છે જે રીવાઈઝ પ્લાન સુ.મ.પા. તરફથી માન્ય કરવામાં આવેલ નથી તેવું રાઈટ ટુ ઈન્ફોરમેશન સે.ઝોન/ આ.નં.૮૦ તા.૨૫–૪–૦૮ ના મુદ્દા નંબર (૨) માં જણાવવામાં આવેલ છે. તો ૪/૩૬૦ વાળી મિલકતના માલીકને ગેરકાયદેસર બાંધકામ બાબતે સુ.મ.પા. તરફથી **BPMC** એકટ કલમ ૨૬૦ (૧) (૨) મુજબની નોટીસ કઈ તારીખે આપી અને ત્યાર બાદ ગેરકાયદેસર બાંધકામ તોડવા માટે તાકીદ નોટીસ કઈ તારીખે આપી તે તમામની નકલ ફાળવવી તેમજ હાલ શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે તેની સંપુર્ણ માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૬–૪–૧૦ ની **SMC/FAP/** નં.૭/૨૦૧૦–૧૧

શ્રી હેમંત એન. દેસાઈની તા.૩/૪–૩–૧૦ ની અરજીથી સુરત શહેર બેગમપુરા દુધારાશેરી ઘ.નં.૪/૩૬૦ વાળી મિલકતના માલીકે મંજુર પ્લાન કરતા વધારાનું બાંધકામ કરવામાં આવેલ છે તે બાબતે પ્લાન રીવાઈઝ કરવા સુ.મ.પા.માં રજુ કરેલ છે જે રીવાઈઝ પ્લાન સુ.મ.પા. તરફથી માન્ય કરવામાં આવેલ નથી તેવું રાઈટ ટુ ઈન્ફોરમેશન સે.ઝોન/ આ.નં.૮૦ તા.૨૫–૪–૦૮ ના મુદ્દા નંબર (૨) માં જણાવવામાં આવેલ છે. તો ૪/૩૬૦ વાળી મિલકતના માલીકને ગેરકાયદેસર બાંધકામ બાબતે સુ.મ.પા. તરફથી **BPMC** એકટ કલમ ૨૬૦ (૧) (૨) મુજબની નોટીસ કઈ તારીખે આપી અને ત્યાર બાદ ગેરકાયદેસર બાંધકામ તોડવા માટે તાકીદ નોટીસ કઈ તારીખે આપી તે તમામની નકલ ફાળવવી તેમજ હાલ શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે તેની સંપુર્ણ માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/આ.૧૮૮૮ તા.૨૯–૩–૧૦ થી આપેલ માહિતી ખોટી અને સંતોષકારક ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૬–૪–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ નં.આરટીઆઈ સેલ/૬૩ તા.૧૫–૪–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) થી પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૭૯ તા.૩–૫–૧૦ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી પત્ર નં.સી.ઝેડ/ આ.નં.૧૮૮૮ તા.૨૯–૩–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૩/૪–૩–૧૦ ની અરજીથી ઉપરોકત વિષય નિર્દિષ્ટ બાબતે માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોનમાં કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/ આરટીઆઈ / આ.નં. ૧૮૮૮ તા.૨૯–૩–૧૦ થી " વોર્ડ નં.૪ નોંધ નં.૩૬૦ વાળી મિલ્કતે આવેલ મોડીફાઈડ વિકાસ પરવાનગી માંગતી અરજીને મંજુરી આપવાની કાર્યવાહી હાલમાં પ્રગતિમાં છે ઝોન કચેરીના ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં ૪/૩૬૦ વાળી મિલ્કતે બીપીએમસી એકટની કલમ–૨૬૦(૧) અને (૨) મુજબની કારણદર્શક નોટીસ તથા તાકીદનો પત્ર પાઠવવામાં આવેલ નથી. " તેવું જણાવેલ છે. જેના અનુસંધાને અરજદારે આઈ નં.૧૬૩૮ જણાવી તા.૬–૪–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અપીલના મુદ્દા નં.૧ માંગેલ માહિતીનો જવાબ માહિતી અધિકારી તરફથી આપવામાં આવેલ છે જે ખોટો અને સંતોષકારક નથી. અપીલના મુદ્દા નં. (૨) જાહેર માહિતી અધિકારી તરફથી જણાવવામાં આવે છે કે ૪/૩૬૦ વાળી મિલ્કતનો રીવાઈઝડ પ્લાન રજૂ કરેલ છે. મંજુરી આપવાની કાર્યવાહી હાલમાં પ્રગતિમાં તેવું જણાવેલ છે પરંતુ મે જે માહિતી માંગેલ છે જેમાં જણાવવામાં આવેલ છે કે ૪/૩૬૦ વાળી મિલ્કતના માલિકે રીવાઈઝડ પ્લાન સુરત મહાનગરપાલિકામાં રજૂ કરેલ છે જે માન્ય રાખવામાં આવેલ નથી. એવું આરટીઆઈ સેન્ટ્રલઝોન /આ.નં.૮૦ તા.૨૫–૪–૦૮ ના મુદ્દા નં.૨ માં જણાવવામાં આવેલ છે તો પછી ગેરકાયદેસર બાંધકામ બાબતે નોટીસ બીપીએમસી એકટની કલમ–૨૬૦(૧)(૨) મુજબ શા માટે ન આપી અને શા માટે નકલ અરજદારને ન ફાળવી તેવું જણાવવામાં આવેલ છે. પરંતુ આ.નં.૮૦ તા.૨૫–૪–૦૮ ના મુદ્દા નં.૨ ની નકલ આધાર તરીકે રજૂ કરેલ નથી. જેમાં અરજદારે વિરોધાભાસી પ્રશ્ન કરેલ છે એક બાજુ શા માટે નોટીસ ન આપી અને બીજી બાજુ નકલ ફાળવવાની રજૂઆત કરેલ છે. જયારે મુળ પ્રશ્નમાં ગેરકાયદેસર નોટીસ આપવા બાબતનો છે તેમાં જણાવેલ છે કે નોટી આપવામાં આવેલ નથી તેવી માહિતી પુરી પાડેલ છે. નોટીસ આપેલ નથી તો નકલનો પ્રશ્ન ઉત્પન થતો નથી. અપીલના મુદ્દા નં. (૩) સુમપામાં કોઈ પણ કરદાતા પ્લાન મંજુર કરાવે અને ત્યાર બાદ પ્લાન રીવાઈઝડ કરવા માટે વધુ કરેલ તો આ પ્લાન ૯૦ દિવસમાં રીવાઈઝડની કામગીરી પૂરી કરવી પડે છે તેવું આઈ ડી નં.૬૩૦ તા.૧–૯–૦૯ માં જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારીએ રજૂ થયેલ વિકાસ પરવાનગી કે રીવાઈઝ/ મોડીફાઈડ કે નવી હોય તે અંગે નિર્ણય કરવા અરજી રજૂ કર્યાની તારીખથી દિન–૯૦ માં નિર્ણય

કરવા અંગેની જોગવાઈ છે તેવું જણાવેલ છે. અપીલના મુદ્દા નં. (૪)૪/ ૩૬૦ વાળી મિલ્કતના માલીકે મંજુર પ્લાન કરતાં વધારે બાંધકામ કરવામાં આવેલ તે બાબતે સુમપામાં તા.૯–૧૦–૦૭ ના રોજ પ્લાન રીવાઈઝ માટે રજુ કરેલ જે પ્લાન ખરેખર ૯૦ દિવસમાં રીવાઈઝ થઈ જવો જોઈએ. પરંતુ ૨૯ મહીના થવા છતાં
પ્લાન રીવાઈઝ કરી આપવામાં આવેલ નથી. એનો મતલબ કે ૪/૩૬૦ વાળી મિલ્કતના માલીકે જે પ્લાન રીવાઈઝ માટે રજૂ કરેલ છે તે ખરેખર પ્લાન રીવાઈઝ થઈ શકે તેમ નથી એટલે કે ખાલી ટાઈમ પાસ કરવામાં આવી રહેલ છે અને જે કાર્યવાહી કરવાની જવાબદારી સુમપાની આવે છે તેમાં પીછેહઠ કરે છે શા માટે? જે પ્રશ્ન અરજદારે મુળ અરજીથી અલાયદો અને કાર્યવાહીને લગતો છે. અપીલના મુદ્દા નં. (૫) ખોટી માહિતી આપવા બદલ જાહેર માહિતી અધિકારી પર કાયદેસરની કાર્યવાહી શા માટે ન કરી. તેવા પ્રશ્ન બાબતે આ અંગેની સત્તા રાજય માહિતી આયોગને છે. આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે. વિવાદ હેઠળની બાબતે જાહેર માહિતી અધિકારીએ દફતરી હકીકત જણાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૩–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી રીવાઈઝ પ્લાન મંજુરીની કાર્યવાહી પ્રગતિમાં હોવાનું તથા મિલ્કત અંગે કોઈ નોટીસની કાર્યવાહી નહીં કર્યાનું જણાવેલ હોઈ માહિતીના ઈન્કારનો કેસ બનતો ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે. તકરાર નિવારને સ્પર્શતી અરજદારની રજૂઆત અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૦

ઈ.ચા. ડે.કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન. દેસાઈ